# ફેશન ડીઝાઈનના વિદ્યાર્થીઓની કલાકૃતિ નિહાળી શિક્ષણમંત્રી દંગ

## આઈ.એન.આઈ.એફ.ડી.ના વિદ્યાર્થીઓએ સાઉલ એકઝીબીટમાં કલાત્મક નમુનાઓ રજુ કર્યા

ગાંધીનગર તા ૨૨

ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ડીઝાઈનીંગની વિદ્યાર્થીનિઓની વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની કલાના અદભૂત નમુનાઓ નિહાળી શિક્ષણમંત્રી દંગ થઈ ગયા હતા. તેમણે આ કલાને બિરદાવી નગરનુ નવુ નઝરાણું હોવાનો રાજીપો વ્યકત કર્યો હતો. તેમણે સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલી કલા કૃતિના નમુનાઓ સંદર્ભે આજે સાઉલ એકઝીબીટ ૨૦૧૫નુ ઉદઘાટન કર્યુ હતુ.

આઈ એન આઈ એફ ડી માં ગાંધીનગર ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા ફેશન ડીઝાઈન તેમજ ઈન્ટીરીયર ડીઝાઈનની કલા કૃતિઓ માટે આજે ઈન્ફોસિટી ખાતે સાઉલ એકઝીબીટનું ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ઉપસ્થિત શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વિદ્યાર્થીઓની આ કલાને બિરદાવી હતી.તેમણે જણાંવ્યુ હતું કે વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની આ અદભૂત કલા ઓછા ખર્ચે ઘર સુશોભન માટે પણ ઉપયોગી બને છે.સંસ્થાની ૨૨ વિદ્યાર્થીનીઓ દ્વારા માત્ર એક જ મહિનામાં આ કલાત્મક નમુનાઓ તૈયાર કરવામાં આવ્યા છે.તેમણે આ કલાકૃતિને નગરના નવા નઝરાણા સમાન ગણાવી હતી.



આ તબક્કે સંસ્થાના ડાયરેકટર વિશાલ મકવાણાએ જણાંવ્યુ હતુ કે સંસ્થા દ્વારા ૧ થી ૩ વર્ષના પ્રોફેશનલ કોર્ષ ચલાવવામાં આવે છે. ધોરણ-૧૨ પાસ વિદ્યાર્થીઓને ફેશન ડીઝાઈનીંગ ક્ષેત્રે પ્રવેશ આપવામાં આવે છે. આ એકેડમીના ચીફ મેન્ટર બોલીવુડના અભિનેત્રી ટવિન્કલ ખન્ના છે. આ ત્રિદિવસીય પ્રર્દશન આગામી તા ૨૪ જુલાઈ સુધી બપોરે ૩ થી રાત્રે ૯:૩૦ સુધી ખુલ્લુ રહેશે. જેમાં વિવિધ થીમ આધારિત પેઈન્ટીંગસ,ડીઝાઈન્સ ડીઝાઈનર ડ્રેસીસ, ફેશન ડીઝાઈન સહિતના નમુનાઓ જોવા મળશે.

## હરિની દૃષ્ટિ...




ઉચ્ચત્તરમાં ભણાવો છો અને પગાર પ્રાઇમરીનો આપીએ છીએ... એવી કેમ્પ્લેઇન ન કરો...!! જાવ કાલથી પ્રાઇમરીનું શીખવજો બસ...!!

## જે.એમ. ચૌધરી સાર્વજનિક અન્ડર-૧૭ની જિલ્લાકક્ષાની હોકી સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લાકક્ષાની અન્ડર-૧૭ હોકી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. પારેખ રક્ષિત, પ્રજાપતિ ધિરલ, નાઈ જીનલ, દેસાઈ મુસ્કાન, યાદવ કાજલ, ચાવડા જહાન્વી, પંડ્યા કિંજલ, કાદરી સુફિયા, ગૌસ્વામી દેવ્યાની, પંડ્યા માહિ, બારોટ ઈશિતા, મકવાણા ઈતિક્ષા, મિસ્ત્રી જહાન્વી, ચૌધરી જહાન્વી, પરમાર આરતી ખેલાડીઓ હતી. આચાર્યા શ્રી સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષિકા શ્રી સુતરીયા વિનાક્ષીબેન, શ્રી લીલાબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

## આજથી સેક્ટર-૨૪માં શ્રાવણ માસ કથાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૨

સેક્ટર-૬-બી સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પવિત્ર શ્રાવણમાસ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથાનો શુભારંભ આજરોજ ગુરૂવારે થશે. સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨૪ શાકમાર્કેટ સામે યોજાશે. કથા દરરોજ રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન યોજાશે. જેની પૂર્ણાહૂતિ ૨૫ જુલાઈ શનિવારના રોજ કરવામાં આવશે. જેમાં ૨૩મીએ હિમાલયમાં આગ વિષય પર પૂ. નિશ્ચય સ્વામી, ૨૪મીએ શાંતિ પમાડે તેને સંત રે કહીએ વિષય પર પૂ. નિર્ગુણસ્વામી અને ૨૫મીએ ઓળખ્યા એને અહોભાવ વિષય પર પ.પૂ. સ્વામીજી દિવ્યવાણી આપશે.

## આજે ચિલોડા ખાતે રામકથાનો પ્રારંભ

ચિલોડા, તા. ૨૨

ગાંધીનગર તાલુકના ચિલોડા ખાતે રામજી મંદિરના પટાંગણમાં શ્રી રામચરિત માનસકથા-જ્ઞાનયજ્ઞનો શુભારંભ તા. ૨૩-૭-૨૦૧૫ ગુરુવારના રોજથી રાત્રે ૮ થી ૧૧ કલાકે થશે. આ કથાના વકતા હાલીસાના ગોપાલદાસજી મહારાજ તેમની આગવી શૈલીમાં ભાવિક ભકતજનોને કથાનું રસપાન કરાવશે. આ કથાની પૂર્ણાહુતિ તા. ૩૧-૭-૨૦૧૫ શુક્રવારના રોજ થશે. આ કથાનું સમસ્ત ચિલોડા ગ્રામજનો દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. આસપાસના ગામના ધાર્મિક ભકતજનોને આ કથાનો લ્હાવો લેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજની યુથ વીંગ દ્વારા ડૉ. અનિલ શેટ્ટીનું પ્રવચન

ગાંધીનગર, તા. ૨૨

સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજની યુથ વીંગ દ્વારા ૨૩મી જુલાઈને ગુરુવારે અર્થાત્ આવતીકાલે સાંજે ૬.૩૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે ‘જીવંત એક પડકાર છે’ એ વિષય પર સેમિનાર યોજ્યો છે. દેશના જાણીતા મોટીવેશનલ ટ્રેનર ડૉ. અનિલ શેટ્ટી વક્તવ્ય આપશે.

આ કાર્યક્રમમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે એમ અખબારી યાદીમાં જણાવાયું છે.

## વૃધ્ધાશ્રમની મુલાકાત લઈ દાન કર્યું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં સેવાકીય કાર્ય કરતી સહયોગ મંડળ દ્વારા નગરમાં આવેલ વૃધ્ધાશ્રમોની મુલાકાત લેવામાં આવી હતી. મંડળના સભ્યો ભગુભાઈ પટેલ, દશરથભાઈ પરમાર સહિતના સભ્યોએ સેકટર-૬માં આવેલ ક્રિશ્ના વૃધ્ધાશ્રમ અને પેથાપુરમાં આવેલ કૈલાસબા વૃધ્ધાશ્રમની મુલાકાત લઈ ત્યાં જીવન નિર્વાહ કરતા વૃધ્ધોને હાથ વણાટનાં રૂમાલ આપ્યા હતા અને વૃધ્ધોના ખબર અંતર પુછયા હતા.

# પુરક પરીક્ષામાં વિદ્યાર્થીઓને સીધી માર્કશીટ આપી દેવાશે

### બે દિવસમાં પુરક પરીક્ષાનું પરિણામ જાહેર : પરિણામ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવાની જગ્યાએ સીધી માર્કશીટ આપવામાં આવશે : વિદ્યાર્થીને પણ રાહત

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨મી પુરક પરીક્ષા લેવામાં આવી હતી. જેનું પરીણામ આગામી બે દિવસમાં જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યુંછે. જોકે આ પરીણામ બોર્ડની વેબસાઈટ ઉપર જાહેર કરવાની જગ્યાએ વિદ્યાર્થીઓને સીધી માર્કશીટ ફાળવી દેવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૦ અમે ૧૨ની બોર્ડની પરીક્ષામાં એક અથવા બે વિષયમાં નપાસ થનાર વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૮ જુલાઈથી પુરક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યુંહતું. આ પુરક પરીક્ષામાં ધોરણ-૧૦નાં ૪૫ હજાર અને ધોરણ-૧૨નાં ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પુરક પરીક્ષા લીધા બાદ વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે જ અન્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ આપી શકાય તેવા ઉદેશ્ય સાથે તત્કાલીક ઉત્તરવહીઓ ચકાસીને પરીણામ તૈયાર કરી દેવામાં આવ્યું છે. ત્યારે બવે આગામી બે દિવસમાં આ પુરક પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. જો કે આ વખતે બોર્ડ દ્વારા પુરક પરીક્ષાનું પરિણમ વેબસાઈડ ઉપર જાહેર કરવામાં નહી આવે તેન જગ્યાએ વિદ્યાર્થીઓને સીધી માર્કશીટ આપી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ધોરણ-૧૦ની પુરક પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે ધોરણ-૧૧ની ખાલી પડેલ બેઠકો ઉપર પ્રવેશ મેળવી શકશે. જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થીઓને આગળનાં અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા માટે ગુજરાત યુનિવર્સિટી સહીતની રાજયની તમામ યુનિવર્સિટીઓએ નવેસરથી પ્રવેશ રાઉન્ડ હાથ ધરવાની જાહેરાત કરી છે.

## સે-૩૦ સિંધુ ધામ ખાતે પંચમ ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૨

શહેરના સેકટર-૩૦માં આવેલ સિંધુધામ સાંઈબાબા મંદિર ખાતે પંચમ ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ઉત્સાહપૂર્ણ મહાલોમાં ઉજવવામાં આવશે. આગામી ૩૧મી જુલાઈના રોજ શહેરમાં ધામધૂમથી ગુરૂ પૂર્ણિમા મહોત્સવ મનાવવામાં આવશે. સે-૩૦ સાંઈબાબા મંદિર ખાતે પાંચમો ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ઉજવાશે. મંદિર ખાતે સવારે ૫-૦૦ વાગે કાકડ આરતી, સવારે ૫.૪૫ વાગે મંગલ સ્નાનઅભિષેક સવારે ૬.૧૫ વાગે શ્રૃંગાર આરતી સવારે ૮ થી પાદૂકા પૂજન, બપોરે ૧૨ વાગે મધ્યાહ્ન આરતી, સાંજે ૫-૦૦ વાગે ધૂમ આરતી અને સાંજે ૬-૦૦ વાગે મહાપ્રસાદ લેવામાં આવશે.



### સોજા શાળામાં વિદ્યાર્થીનીઓને સાઈકલ વિતરણ કરાઈ

કલોલ તાલુકાના સોજા સ્થિત શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલમાં ‘સરસ્વતી સાધના યોજના’ હેઠળ શાળાની ધોરણ-૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણ કરવામાં આવ્યું હતું. શાળામાં આવતી વિદ્યાર્થીનીઓને સરળતા રહે તે માટે સરકાર દ્વારા સરસ્વતી સાધના યોજના હેઠળ સાઈકલ આપવામાં આવે છે. કલોલ તાલુકાના સોજા ગામમાં આવેલ શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી બક્ષીપંચ જાતિની અને આર્થિક પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને સાઈકલ આપવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતી) કચેરી અને ગાંધીનગર જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી કચેરી દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં બક્ષીબંચની ૪૩ અને આર્થિક પછાત વર્ગની ૧૧ વિદ્યાર્થીનીઓને સાઈકલ આપવામાં આવી હતી. શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

# બીએડના અભ્યાસક્રમને બે વર્ષનો કરાતા વળતા પાણી

### શિક્ષણકાર્ય માટે શિક્ષકો તૈયાર કરતી તાલીમી સંસ્થાઓનું ભાવિ ધૂંધળૂં બન્યું : વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો

અમદાવાદ, તા. ૨૨

પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય માટે શિક્ષકો તૈયાર કરતી તાલીમી સંસ્થાઓનું ભવિષ્ય છેલ્લા કેટલાક વર્ષોથી ધૂંધળૂં બન્યું છે. તેમાંય ચાલુ વર્ષે બી એડનો અભ્યાસક્રમ બે વર્ષનો કરી દેવાતા વિવિધ બી એડ કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા સાવ ઘટી જવા પામી છે અને કેટલીક કોલેજોનાં તાળા મારવાનો વારો આવ્યો છે. એક તરફ સરકાર દ્વારા શિક્ષકોની ભરતી કરવામાં ઢીલ મુકવામાં આવે છે અને બીજી તપફ બી એડનો અભ્યાસક્રમ બે વર્ષ લંબાવવામાં આવતા શિક્ષકો માટે આવનારા દિવસો કઠીન સાબિત થશે તેમજ બી એડ કોલેજોનું ભવિષ્ય પણ અંધકારમય બનશે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) દ્વારા ચાલુ વર્ષથી બી એડના અભ્યાસક્રમનો સમયગાળો બે વર્ષનો કરી દેવાયો છે પ્રાથમિક શાળા,માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે નોકરી મેળવવા માટે બી એડ અથવા પીટીસી અભ્યાસની લાયકાત હોવી જરૂરી છે. જો કે તેમ છતાં છેલ્લા કેટલાક વર્ષોથી બી એડ કોલેજોનું ભવિષ્ય અંધકારમય બન્યું છે. તેમાંય ચાલુ વર્ષથી અભ્યાસક્રમની મુદત બે વર્ષની કરવામાં આવતાં હવે વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક સ્ટાફ પર પણ બોજ વધ્યો છે. એક તરફ બી એડના અભ્યાસક્રમની બે વર્ષની મુદત કરવામા આવી છે તો બીજી તરફ સરકાર દ્વારા શાળાઓમાં ભરતી પ્રક્રિયામાં ઢીલ મુકવામાં આવતા આવનારા દિવસો બી એડ કોલેજો માટે કઠિન સાબિત થાય તેવું જાગૃતો અનુભવી રહ્યા છે તેમાંય સરકારે ટેટ, ટાટ, એચ ટાટ જેવી પરીક્ષાઓ અમલમાં મુકતાં હવે વિદ્યાર્થીઓનો ઝોક બી એડ અભ્યાસક્રમ માટે ખૂબ ઘટી ગયો છે. ચાલુ વર્ષે તેની અસર બી એડ કોલેજો પર વર્તાઈ રહી છે અને બી એડ કોલેજોમાં વિદ્યાર્થીઓની પુરતી સંખ્યા થઈ નથી. તો કેટલીક કોલેજોને તાળા મારવાનો વારો આવ્યો છે. જો પરિસ્થિતિ આમ જ રહેશે અને યુજીસી તેમજ સરકાર દ્વારા આ મામલે યોગ્ય વિચારણા નહી કરવામાં આવે તો આવનારા દિવસો બી એડ અભ્યાસક્રમ માટે ઘણા કઠીન હશે. બી એડ કોલેજોનું ભાવિ અંધકારમય ન બને, શિક્ષણનું સ્તર જળવાય તે માટે વિચારણ કરવી અનિવાર્ય છે.

# ખાનગી કોલેજ ફી વધારાની માંગ તરત જ મંજુર થાય છે

### ખાનગી મેડિકલ કોલેજોમાં ફી કમિટિ દ્વારા એક લાખથી સવા બે લાખ ફી વધારો કરાતા વિદ્યાર્થીઓ સામે મુશ્કેલી

અમદાવાદ, તા. ૨૨

દર વર્ષની જેમ જ પ્રવેશ પ્રક્રિયા સમયેજ ખાનગી કોલેજોના સંચાલકો માટે ઉંચા ફીના ધોરણો જાહેર કરીને સામાન્ય અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ-વાલીઓને મુશ્કેલીમાં વધારો કરવામાં આવી રહ્યો છે. ત્યારે ખાનગી મેડીકલ કોલેજોમાં ફી કમીટી દ્વારા એક લાખથી સવા બે લાખ જેટલો ફી વધારો અનેક વિદ્યાર્થીને પ્રવેશથી દુર રહેવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું હોવાનો આક્રોશ વ્યક્ત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા દશ વર્ષમાં ખાનગી કોલેજો દ્વારા આડેધડ ફી વધારાની માંગ કરાય છે જેને ફી કમીટી વિદ્યાર્થી-વાલીઓની રજૂઆતો સાંભળ્યા વિના એક તરફી મંજૂર કરવામાં આવે છે. રાજયમાં છેલ્લા દશ વર્ષમાં ફી માં ૩૦૦ ટકાથી ૭૦૦ ટકા જેટલો વધારો ઝીંકવામાં આવ્યો છે. અનેક કોલેજોમાં નામ પૂરતા અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓ અને તેમને પણ વાઉચર પર પગાર ચૂકવાય છે. જ્યારે ફી કમિટીમાં રજૂ થયેલા હિસાબો અને વાસ્તવમાં ખર્ચને સાચી રીતે ચકાસણી કરીને જો ફી નક્કી થાય તો અગાઉના ફીના ધોરણોમાં પણ ઘટાડો કરવાની ફી કમિટીને ફરજ પડે.રાજયમાં શિક્ષણનું વેપારીકરણ માટે ભાજપ સરકાર અને ખાનગી કોલેજોનું ગઠબંધન જવાબદાર હોવાનો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ સમિતિના પ્રવક્તા ડૉ.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ખાનગી કોલેજોમાં અપૂરતા અધ્યાપકો, અપૂરતી સુવિધાઓ લાયબ્રેરી અને લેબોરેટરીની નામ પુરતી સુવિધાઓ છતાં દર વર્ષે બેફામ ફી વધારો કયા કારણોથી અને ક્યાં માપદંડથી અપાય છે. તે અંગેની કોઈ બાબત જે લોકોને ફી ભરવાની છે. તેમને જાણ કરવામાં આવતી નથી. છેલ્લા દશ વર્ષમાં ખાનગી કોલેજોની ફી નક્કી કરવાની સમિતિમાં વારંવારની રજૂઆત છતાં વિદ્યાર્થી-વાલીઓના પ્રતિનિધીઓને બોલાવી આ બાબતે જાહેર સુનવણી કાર્યક્રમ આજદિન સુધી કરવામાં આવ્યો નથી. ફી નિર્ધારણ સમિતિમાં રાજય સરકારના પ્રતિનિધિઓ સભ્ય સચિવ તરીક કામગીરી બજાવતા હોય છે. ત્યારે રાજય સરકારની આયોજન પંચની સરકારી નાણાથી ઉભી થયેલ કોલેજો અને હોસ્પિટલોમાં ઉંચા ફીના ધોરણો જે રીતે જાહેર થયા છે.



### વૃક્ષારોપણ કરી મહત્વ સમજાવ્યું

આપણા જીવનમાં વૃક્ષોનું મહત્વ ખુબ જ રહેલું છે. વૃક્ષ પોતાની આખી જીંદગી સૂર્યદેવનો તાપ સહી આપણને ઠંડક આપે છે. વૃક્ષો વિના પૃથ્વીનું અસ્તિત્વ ટકાવવું ખુબ જ મુશ્કેલ છે. ધરતીનું ધોવાણ થતું પણ વૃક્ષ જ અટકાવે છે. મહેસાણા જિલ્લાના પાંચોટ સ્થિત સેવાકીય ફાઉન્ડેશન દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પાંચોટ કુમાર પગાર કેન્દ્ર શાળાના પટાંગણમાં વૃક્ષોનું રોપણ કરાયું હતું. ફાઉન્ડેશનના પ્રમુખ પ્રકાશભાઈ રાવળે શાળાના વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ, તેની જાળવણી વિશે રસપૂર્વક માહિતી આપી હતી. આ પ્રસંગે શાળા પરિવારે સહયોગ આપ્યો હતો અને ફાઉન્ડેશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

## એસ.જી. પ્રાથમિક શાળામાં બુકે સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિદ્યાલય સંચાલિત એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં આજે ફ્રુટ બકેટ, ફલાવર બકેટ અને કેન્ડી બકેટ બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી. ગ્રીન હાઉસ, રેડ હાઉસ, ઓરેન્જ હાઉસ, યલ્લો હાઉસ અને બ્લુ હાઉસના ધોરણ-૫, ૬, ૭ અને ૮ના વિદ્યાર્થીઓ જોડાયા હતા અને કલાત્મક બકેટસ તૈયાર કરી પોતાની રચનાત્મક શકિતને નીખારી હતી. શાળાના પાંચ હાઉસ વચ્ચે યોજાયેલી ફ્રુટ બકેટ, ફલાવર બકેટ અને કેન્ડી બકેટ સ્પર્ધામાં ગ્રીન હાઉસના વિદ્યાર્થીઓએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો.



અલગ અલગ ફૂલો, ચોકલેટસ અને ફળોમાંથી બનાવેલ બકેટસ ખુબ જ સુંદર લાગતા હતા. ધો-૫ થી૮ના બાળકોએ પોતાની સર્જનાત્મક દષ્ટી અને કલાત્મકતાનો અહીં અનુભવ કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ક્રિએટીવ ઝોનના આચાર્યા શ્રીમતી કિરણબેન પટેલ અને નિર્ણાયક તરીકે વી.એમ. પટેલ બાલમંદિરના શિક્ષિકા શ્રીમતી મીનાક્ષીબહેન રામી અને ગીતાબેન હાજર રહ્યા હતા. તેમણે બાળકોની કાર્યદક્ષતાની પ્રશંસા કરી હતી. શાળાના શિક્ષકો અને આચાર્યાએ બાળકોને જરુરી પ્રોત્સાહન આપી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## ભાજપાના ઉત્તર ઝોનના જિલ્લા મહાનગર પ્રભારી અને પ્રમુખ-મહામંત્રીઓની ૨૪ જુલાઈએ બેઠક

ગાંધીનગર, તા. ૨૨

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા, પ્રદેશ મહામંત્રી શ્રી કે.સી. પટેલની ઉપસ્થિતિમાં ભાજપાના ઉત્તર ઝોનના જિલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ અને પ્રમુખ-મહામંત્રીશ્રીઓની એક બેઠક તા. ૨૪ જુલાઈને શુક્રવારે યોજાશે.

પ્રદેશ કાર્યાલય ‘શ્રી કમલમ્’ ખાતે યોજાનારી ઝોનમાં બેઠકમાં મહાસંપર્ક અભિયાનની કામગીરી ઉપરાંત આજીવન સહયોગ નિધિ, સંગઠનાત્મક બાબતો તથા આગામી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીઓ સંદર્ભે ચર્ચા-વિચારણાઓ હાથ ધરાશે.

## લેઉવા પટેલ સમાજનો સાત દિવસીય પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

રાજયમાં વસતા સમસ્ત લેઉઆ પટેલ જ્ઞાતિ યુવક-યુવતિઓ માટે જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. સાત દિવસીય સંમેલનમાં મોટી સંખ્યામાં લગ્નોત્સુક યુવક યુવતિઓને ઉપસ્થિત રહી જોડાવા આહવાન કરવામાં આવ્યું છે.

અમદાવાદ સેટેલાઈટ સ્થિત આસ્થા કિલનીક, વિસ્વકર્મા સોસાયટી, પેટ્રોલ પંપ પાસે સમસ્ત લેઉઆ પટેલ જ્ઞાતિનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે. તા. ૨૫થી ૩૧ જુલાઈ દરમિયાન સવારે ૯ થી રાત્રે ૭ વાગ્યા સુધી યોજાશે. સંમેલનમાં ઉપસ્થિત રહેવા ઈચ્છુક યુવક-યુવતિઓએ પોતાનો સંપૂર્ણ બાયોડેટા અને વાલી સાથે ઉપસ્થિત રહેવા સમાજના પ્રમુખે જણાવ્યું છે.

## શનિવારે શહેર પેન્શનર્સ સમાજની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૨૫ જુલાઈ શનિવારના રોજ સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેક્ટર-૨૨ ખાતે સાંજે ૫.૦૦ વાગે મળશે. આ બેઠકમાં ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા પેન્શનર સભ્યોના ધો. ૧ થી ૯માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ પૌત્ર-પૌત્રીઓ સન્માન કરવાનો કાર્યક્રમ તા. ૨૬ જુલાઈ રવિવારના રોજ યોજાનાર છે. આ કાર્યક્રમની પૂર્વ તૈયારી રૂપે કામની વહેંચણી અને અન્ય વ્યવસ્થા કરવામાં આવશે. જેથી આ બેઠકમાં તમામ પદાધિકારીઓ અને કારોબારી સભ્યોએ ફરજીયાત ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

## અમદાવાદમાં વરસાદનો દોર જારી

અમદાવાદ,તા. ૨૨

અમદાવાદ શહેરમાં આજે સતત બીજા દિવસે વરસાદ પડ્યો હતો. જેના પરિણામ સ્વરુપે વાતાવરણ રંગીન રહ્યુંહતું. કેટલાક વિસ્તારમાં વધારે અને કેટલાક વિસ્તારમાં ઓછો વરસાદ પડ્યો હતો. જુદા જુદા ઝોનની વાત કરવામાં આવે તો શહેરમાં ઝોનદીઠ વરસાદમાં પૂર્વ ઝોનમાં હજુ સુધી સૌથી વધારે વરસાદ પડ્યો છે. પૂર્વ ઝોનમાં ૩૮.૬૭ મીમીથી વધુ વરસાદ થઈ ચુક્યો છે. જ્યારે મધ્ય ઝોનમાં ૧૮.૨૫ અને નવા પશ્ચિમ ઝોનમાં ૧૯.૫૦ મીમી વરસાદ થયો છે. હજુ સુધી કુલ ૧૭૮.૩૪ મીમી વરસાદ નોંધાઈ ચુક્યો છે. અમદાવાદમાં છુટોછવાયો વરસાદ આજે દિવસ દરમિયાન જારી રહેતા સતત બીજા દિવસે વરસાદી માહોલ રહ્યો હતો. બીજી બાજુ આવતીકાલે પણ અમદાવાદમાં વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૨.૩ અને લઘુત્તમ તાપમાન ૨૬.૩ ડિગ્રી નોંધાયું હતું.